# પાલનપુર-અમદાવાદ હાઈવે ઓવરબ્રીજ પર મારૂતિવાન સળગી

## અડાલજના મારૂતિવાનના ચાલકનો આબાદ બચાવ : કલાક સુધી ટ્રાફિક જામ થતા વાહન-વ્યવહાર ખોરવાયો





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૮

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પરના નવનિર્મિત ઓવરબ્રીજ પર અચાનક એક મારૂતિવાનમાં આગ ભડકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. સી.એન.જી. કીટ ધરાવતી અમદાવાદ પાસીંગની મારૂતિ વાનમાં આગ લાગતા અમદાવાદ હાઈવે પર કલાક સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પર બનેલા ઓવરબ્રીજ પરથી અમદાવાદ તરફ જઈ રહેલી એક સી.એન.જી. મારૂતિવાનમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી.અડાલજના રહેવાસી ગોવિંદભાઈ માધવભાઈ દરજી પોતાની મારૂતિવાન લઈને પાલનપુર ખાતે પોતાના સંબંધીને મળવા આવ્યા હતા. જેઓ પરત ફરતા હતા ત્યારે શહેરના હાઈવે સર્કલ નજીક બ્રીજ પર તેઓની વાનમાં અચાનક આગ લાગી હતી. જેથી તેઓ સમયસૂચકતા વાપરી નીચે ઉતરી જતા તેઓનો આબાદ બચાવ થયો હતો.

ઘટનાની જાણ થતા પાલનપુર નગરપાલિકાના ઉપપ્રમુખ અમરતભાઈ જોશી (દાઢી) અને પાલિકાના દબાણ સમિતના ચેરમેન ભરતભાઈ ઠાકોર પણ દોડી આવ્યા હતા આગને પગલે લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. જેને પગલે હાઈવે પરની બંને બાજુનો ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેથી એકદ કલાક માટે વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો.



ડીસામાં આવેલ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં એક વાનરને નાની બાળકી સાથે મિત્રતા બધાઈ જતા નાની બાળકી આ વાનરને પોતાના હાથે જમાડે છે જે પ્રત્યક્ષ તસ્વીરમાં નજરે પડે છે. જેમાં મુંગા પ્રાણી પ્રત્યે માનવીનો પ્રેમ પ્રદર્શીત થાય છે. (તસવીર : કાન્તલાલ લોધા, ડીસા)

# પાલનપુર ખાતે આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જી.પી.એસ.સી.ના તાલીમ વર્ગો શરૂ કરાયા

પાલનપુર, તા. ૨૯

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી સમયમાં ખુબ જ મોટાપાયે નોકરીની ભરતી પ્રક્રિયા થવાની છે. આ પરીક્ષામાં બનાસકાંઠા જિલ્લાના રોહિત સમાજના વિદ્યાર્થીઓ પણ મહેનત કરી પોતે તેમાં પસંદગી પામે તે માટે પાલનપુર ખાતે આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી.ના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. દર શનિવારે બપોરે ૧૨ થી ૩ અને રવિવારે બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ વાગ્યા દરમ્યાન યોજાનાર આ તાલીમ વર્ગમાં નિષ્ણાંત ટ્યુટરો દ્વારા ગણિત-વિજ્ઞાન, રીઝનીંગ, અંગ્રેજી, ગુજરાતી સહિત જનરલ સ્ટડીઝ જેવા તમામ વિષયોની સઘન તાલીમ આપવામાં આવશે.

જી.પી.એસ.સી. તાલીમ વર્ગનો ઉદ્‌ઘાટન સમારોહ પાલનપુર ખાતે મારૂતિ કોમ્પલેક્ષમાં સંસ્થાના પ્રમુખ સુનિલભાઈ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે પ્રમુખ સુનિલભાઈ પરમારે તાલીમાર્થીઓને કહ્યું કે જી.પી.એસ.સી.ની પરીક્ષા માટે ખુબ સરસ રીતે આયોજનબદ્ધ મહેનત કરી તમારા માતા-પિતાએ સેવેલા સ્વપ્નાઓને સાકાર કરીએ. તેમણે કહ્યું કે જીવનમાં નક્કી કરેલા લક્ષ્ય સુધી પહોંચવા એક પણ ક્ષણનો વિલંબ કર્યા સિવાય પદ્ધતિસરની મહેનત કરીએ. સંસ્થાના મહામંત્રી દિપકભાઈ આકેડીવાલાએ સંસ્થાનો પરિચય આપી જી.પી.એસ.સી. ભરતી માટે સંસ્થા દ્વારા કેવું આયોજન કરવામાં આવ્યું છે તેની સુંદર માહિતી આપી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી વસંતભાઈ જાદવે કર્યું હતું.

આ પ્રસંગે કબીર આશ્રમના સંત વિજયદાસજી મહારાજ, ધી મેસેજ દૈનિકના માલિકશ્રી એમ.કે. સૈયદ, જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન કાળુભાઈ આસેડીયા, મેવાભાઈ સોલંકી, સુનિલભાઈ ચૌહાણ, સુમંતભાઈ સાલવી, કરશનભાઈ પરમાર, કરશનભાઈ મેતીયા, જયંતિભાઈ કોઈટીયા, પરથીભાઈ શેખલીયા, અશોકભાઈ ધરમાણી, કાળુભાઈ માંગરોળા, હિતેન્દ્રસિંગ સોલંકી, ગણપતભાઈ પરમાર સહિત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદની પ્રા.શિ. શરાફી સંઘના ચેરમેન પદે ભોગીલાલ પટેલની બિનહરીફ વરણી

તલોદ, તા.૨૮

તલોદી પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી તથા ચેરમેન પદની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ૧૧ જેટલા કારોબારી સભ્યો સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા.

ચૂંટાયેલા સભ્યો તથા મંત્રી ભાર્ગવ વ્યાસ તથા કર્મચારી ગણની હાજરીમાં ચેરમેન પદ માટેની પ્રક્રિયા યોજાઈ હતી અને ભોગીલાલ પટેલ સમક્ષ કોઈ પણ ઉમેદવારી ન નોંધાવતા તેઓ બિનહરીફ ચેરમેનપદે જાહેર કરી કાર્યભાર સોંપવામાં આવ્યો હતો.

ચૂંટણી પ્રક્રિયા બાદ સતત દસ ટર્મથી પ્રાથમિક શિક્ષક સંઘના ચેરમેન પદે ભોગીલાલ પટેલને કાર્યભાર સોંપી કારોબારી સભ્યો તથા કર્મચારી સ્ટાફ ગણે અભિનંદન પાઠવ્યા હતા. હર્ષોલ્લાસ સાથે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયાને વરાયેલા ચેરમેને સર્વે કારોબારી તથા સભાસદ મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

આમ પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સર્વાનુમતે યોજાઈ હતી.

# મહેસાણા અને બેચરાજીમાં દસ લાખની મત્તાની ચોરી

મહેસાણા, તા.૨૮

મહેસાણા જિલ્લામાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તથા તેના ભેદ ઉકેલવામાં પોલીસ તંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. મહેસાણા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, વાહનચોરી, ઢોરચોરી, ચિલઝડપ જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે. જિલ્લાના કેટલાક સ્થળોએ મિલકત વિરૂધ્ધના તેમજ શરીર અને સ્ત્રી સંબંધી ગુનાઓ જાણે સામાન્ય બની ગયા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ બેચરાજીમાં આવેલ વૈજનાથ સોસાયટીના ત્રણ બંગલાઓમાં ત્રાટકેલા તસ્કરો રૂપિયા સવા છ લાખની કિંમતની મત્તાની ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે. અત્રે એ-૩૧ નંબરના મકાનમાં રહેતા વેપારી માણેકલાલ મનોહરદાસ પટેલ રાતના સમયે પરિવારજનો સાથે ઘરની ઓસરીમાં સુતા હતા ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશી તિજોરી તોડી નાંખી હતી અને અંદરથી ૧૪ તોલા વજનના સોનાના દાગીના, એક કિલો ચાંદી, એક લાખ પાંસઠ હજારની રોકડ રકમ મળી કુલ સવા છ લાખની મત્તાની ચોરી કરી હતી જયારે એ-૪૦ નંબરના બંગલામાં રહેતા અને પાટણ જિલ્લાના રાધનપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા આર.પી. રમણના બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી તસ્કરો મકાનમાં ઘુસ્યા હતા પરંતુ તસ્કરોને સફળતા મળી ન હતી આ ઉપરાંત બી ૧૦ નંબરના બંગલામાંથી તસ્કરો ૨૭૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

# ભિલોડા તાલુકા યુવા ભાજપ કાર્યકરો ધ્વારા રક્તદાન કેમ્પ યોજાયો


ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકા યુવા ભાજપ કાર્યકરો ધ્વારા રક્તદાન કેમ્પ યોજાયો. શ્યામાપ્રસાદ મુખરજીની ૬૧મી પુણ્યતિથિ નિમિત્તે આશ્રમ શાળામાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. સાબરકાંઠા જીલ્લા ભાજપ યુવા ઉપપ્રમુખ મનોજભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ યુવા પ્રમુખ જીતેન્દ્રસિંહ રાઠોડ, હિતેશભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ પટેલ, સંકેતભાઈ ચૌધરી સહિત યુવા ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મોડાસાની રેડક્રોસ સોસાયટીને ૨૧થી વધુ બ્લડ બોટલ એકત્રતીત કરેલ હતું.

# શામળાજી ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો



(તસવીર : અહેમદ ઉલ્લા, મોડાસા)



શામળાજી પોલીસ સ્ટેશનમાં નિયુક્ત થયેલ મોડાસા રૂરલના પી.એસ.આઈ.એ રીતસર દારૂની હેરાફેરી કરનાર પર સકંજો કસ્યો છે. આજે ચેકપોસ્ટ પરથી ૧૬ લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ઝડપી પાડી ૨ આરોપીઓની ધરપકડ કરી છે. શામળાજી પી.એસ.આઈ. એ.કે. વાળાના જણાવ્યા મુજબ આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતી ટાટા ૧૧૦૯ ગાડી નં. એચ.આર. ૫૫.આર.-૬૦૦૩ ની તપાસ કરતા તેમાં અલગ અલગ બ્રાન્ડની ૩૮૯ પેટી તથા બિયરના ટીન નંગ મળી ૫૯૦૪ મળી આવ્યા હતા. જેની કિંમત રૂ. ૧૬,૬૨,૬૦૦ થાય છે. આ દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરનાર રીસીપાલ ફતેસિંહ જાટ (હરિયાણા) તથા બ્રિજેન્દ્ર સહિત આરોપીઓને ઝડપી પાડી જેલ હવાલે કર્યા છે. શામળાજી પોલીસે ૧ મોબાઈલ, રૂ. ૧૦૦૦ રોકડ, ૧૦ લાખની ટ્રક મળી કુલ ૨૬,૬૪,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બન્ને આરોપી સામે પ્રોહીબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરાશે : મહેન્દ્ર પટેલ

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા કલેકટર કમ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેન્દ્ર પટેલે ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી કરતાં ૨૬ ઈસમોને પાસા હેઠળ જેલમાં મોકલવા આદેશ કર્યો છે. પોલીસ વિભાગે ૨૬ પૈકી ૧૭ આરોપીઓને ઝડપીને રાજયની જુદી જુદી જેલોમાં મોકલી આપ્યા છે. આ સમાચારની જાણ થતાં -જામાં સંતોષની લાગણી -ગટી છે જયારે આવી -વૃત્તિ સાથે સંકળાયેલા તત્વોમાં ગભરાટ અને ફફડાટ -સરી જવા પામ્યો છે.

ઉલ્લેખનીય છે કે તા.૩-૫-૨૦૧૪ના રોજ બનાસકાંઠા જીલ્લાના પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં ગૌવંશ બળદ ભરેલ ટ્રક કૂલ-૧૩ તથા બળદ કૂલ-૭૮ અને તે સાથે ૨૬ આરોપીઓને પોલીસ ધ્વારા ઝડપી લઈને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. તેઓ નામદાર કોર્ટમાં જામીન પર મુક્ત થયા હતા. આવા ઈસમોને સમાજમાં છુટા ફરતા રાખવા જોખમી હોઈ અને તેઓ ફરીથી ગૌવંશને કતલખાને મોકલવાની -વૃત્તિમાં જોડાય નહિ તે માટે તેમની અટકાયત કરવી જરૂરી જણાતાં બનાસકાંઠા પોલીસ ધ્વારા આવા પશુ હેરાફેરીના ગુનાઓમાં સંડોવાયેલ ઈસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતાં બનાસકાંઠા કલેકટર કમ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એસ.પટેલ ધ્વારા ૨૬ ઈસમોને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવ્યો હતો.



આ અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી અશોકકુમાર યાદવ ધ્વારા પાસા અટકાયતીઓને તાત્કાલીક પકડી પાડવા કૂલ પાંચ ટીમો પાડી અલગ અલગ જીલ્લાઓમાં મોકલવામાં આવ્યા હતા. આ ટીમોએ એક જ રાત્રિમાં કૂલ-૧૭ પાસા અટકાયતીઓની અટકાયત કરી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, નડિયાદ, જામનગર, ભાવનગર, જુનાગઢ જેલમાં મોકલી આપવા હુકમ કરવામાં આવ્યો છે.

કલેકટરશ્રી મહેન્દ્ર પટેલે વિગતો આપતાં -ેસ કોન્ફરન્સમાં જણાવ્યુ હતુ કે બનાસકાંઠા સરહદી જિલ્લો છે. ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા પુરતી વોચ રાખવામાં આવે છે. તેમણે કહ્યુ કે આવી -વૃત્તિ જરાપણ ચલાવી લેવાશે નહીં અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરાશે. પોલીસ અધિક્ષકશ્રી અશોકકુમાર યાદવે જણાવ્યુ હતુ કે બનાસકાંઠા પોલીસ ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવાસ જાગ અને સક્રિય છે. તેમણે કહ્યુ કે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના આદેશ અનુસાર પોલીસે માત્ર ૨૪ કલાકમાં જ ૧૭ આરોપીઓને ઝડપી લીધા છે. શ્રી યાદવે કહ્યુ કે આવી ગેરકાયદેસર -વૃત્તિઓ કરતા ઈસમો સામે ત્વરીત કડક કાર્યવાહી કરાશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ડીસા તાલુકા પંચાયતમાં મીરનલ પાણીનું મશીન બંધ હાલતમાં કનેકશનમાં પાણી ન આવતા ટેન્કર વડે ટાંકુ ભરાય છે

ડીસા તાલુકા પંચાયતમાં છેલ્લા કેટલાક સમયથી મીનરલ પાણીનું મશીન બંધ પડી ગયું હોવાથી તાલુકા પંચાયતમાં કામ કાજ અર્થે આવતા લોકોને મીનરલ મશીનની સુવિધા હોવા છતાં મીરનલ પાણી મળતુ નથી. ડીસા તાલુકા પંતાયત ખાતે લોકોનું પીવાનું ઠંડુ પાણી મળી રહે તે માટે મીનરલ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. પરંતુ છેલ્લા ૧૫ દિવસથી મીનરલ પાણીનું મશીન બંધ હાલતમાં પડયું હોવાથી લોકોને મીરનલ પાણી મળી શકતું નથી. આ અંગે તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા બાંધકામ શાખાના લિંબાચીયાને પુછતા તેમણે જણાવ્યું હતું કે અહીં પાણીનું કનેકશન છે પરંતુ તેમાં પાણી આવતુ નથી. જેથી પાણી માટે નગરપાલિકામાંથી ટેન્કર મંગાવી ટાંકામાં પાણી ભરીએ છીએ જેના કારણે અત્યારે મશીન બંધ હાલતમાં પડેલ છે.

# વિજયનગરમાં આવેલ મોબાઈલ શોપમાં તસ્કરો ત્રાટક્યા

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના મથક ખાતે સરકારી આરામ ગૃહ સામે આવેલ હર્ષિત મોબાઈલ શોપમાં ગત મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. અંદાજીત રૂા.૨૫૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ભિલોડા,વિજયનગર પંથકમાં અવાર-નવાર ચોરીઓનો ગ્રાફ સતત વધતાં પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત હોવાનું લોકમુખે ચર્ચાય છે. વિજયનગર ગામના સુહાગસિંહજી વદનસિંહજી બારડ ન્યુઝ પેપરનો વ્યવસાય ધરાવે છે સાથે-સાથે મોબાઈલનો ધંધો પણ કરે છે. ગત મધ્ય રાત્રે હર્ષિત મોબાઈલ શોપમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનના શટરના તાળા તોડી દુકાનની અંદર પ્રવેશ કરી ફર્નિચરની મોટાપાયે તોડફોડ કરી નાખી હતી. અંદાજીત રૂા.૧૦,૦૦૦/-ની વોડાફોન, એરટેલ, બી.એસ.એન.એલ., આઈડીયાની રીચાર્જ કુપનો, અંદાજીત રોકડ રકમ રૂા.૧૫,૦૦૦/-, જુના તથા નવા મોબાઈલની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. સુહાગસિંહજી વદનસિંહજી બારડે ચોરીના બનાવ વિરુધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ્શ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન